પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૩૮ | ૨૭ જુલાઈ, ૨૦૨૩, ગુરૂવાર; અધિક શ્રાવણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આજે પ્રધાનમંત્રી મોદી ગુજરાતના પ્રવાસે

## વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે આવતીકાલે રૂ.૨૦૩૩ કરોડના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ : હિરાસર પાસે નિર્મિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ, સૌની યોજનાની લિફ્ટ-૩ના પેકેજ ૮ તથા ૯, રાજકોટમાં સૌરાષ્ટ્રના પ્રથમ મલ્ટિલેવલ ઓવરબ્રિજ લોકાર્પણ

ગાંધીનગર, તા.૨૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે રાજકોટથી ગુજરાત પ્રવાસ આરંભશે. પ્રધાનમંત્રી બપોરે રાજકોટ નવા એરપોર્ટનું લોકાર્પણ કરશે. ત્યારબાદ સૌની યોજનાના લીંક-૩ના પેકેજ ૮ અને ૯નું તથા મલ્ટીલેવલ ફ્લાય ઓવરબ્રીજનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત પાણીની પાઈપલાઈન, વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને લાયબ્રેરી સહિત અનેક પ્રકલ્પોનું લોકાર્પણ કરશે. ત્યારબાદ જાહેરસભાને સંબોધશે. મોડીસાંજે ગાંધીનગર પહોંચી રાજભવન ખાતે રાત્રી રોકાણ કરશે.





વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ૨૭મી જુલાઈએ રાજકોટમાં રૂપિયા ૨૦૩૩ કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરીને રાજકોટ-સૌરાષ્ટ્રવાસીઓને વિકાસકાર્યોની ભેટ આપશે. જેમાં હિરાસર પાસે નિર્મિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ, સૌની યોજનાની લિફ્ટ-૩ના પેકેજ ૮ તથા ૯, રાજકોટમાં સૌરાષ્ટ્રના પ્રથમ મલ્ટિલેવલ ઓવરબ્રિજ સહિતના

● અનુસંધાન પાન-૭ પર

# રેપો રેટમાં ફેરફાર નહી થાય તેવા સંકેત, EMIમાં રાહત નહીં મળે

## આરબીઆઈ મોનિટરી પોલિસી કમિટીની બેઠક ૧૦મી ઓગસ્ટે યોજાશે

નવી દિલ્હી, તા.૨૬

આરબીઆઈ મોનિટરી પોલિસી કમિટીની બેઠક આગામી ૧૦મી ઓગસ્ટ-૨૦૨૩ના રોજ યોજનારા છે. આ બેઠક પૂર્ણ થયા બાદ લેવાયેલા નિર્ણયોની જાહેરાત કરવામાં આવશે. જોકે હાલ એવું મનાઈ આવી રહ્યું છે કે, આ બેઠકમાં આરબીઆઈ તેની પોલિસી રેટ્સ એટલે કે રેપો રેટમાં કોઈ ફેરફાર નહીં કરે. એટલે કે રેપો રેટ ૬.૫૦ ટકાના વર્તમાન સ્તરે હોલ્ડ થઈ શકે છે. એચએસબીસીએ તેના રિપોર્ટમાં પણ આવું જ કહ્યું છે. આરબીઆઈના આ નિર્ણયથી મોંઘી ઈએમઆઈમાં રાહતની આશા રાખનારાઓને સૌથી મોટો ઝટકો લાગી શકે છે. મે મહિનામાં છૂટક ફુગાવાનો દર ઘટીને ૪.૨૫ ટકા પર આવી ગયો હતો, ત્યારે એવી આશાઓ બંધાઈ હતી કે, આગામી દિવસોમાં લોન સસ્તી થવાનો

● અનુસંધાન પાન-૭ પર

# કેન્દ્ર સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત દાખલ

## મોદી સરકાર સામેની અવિશ્વાસની બે દરખાસ્તને સ્પિકરે મંજૂરી આપી : કોંગ્રેસ-બીઆરએસે અવિશ્વાસ પ્રસ્તાવ દાખલ કર્યો : તમામ પક્ષો સાથે વાત કર્યા બાદ લોકસભાના સ્પીકર જાહેરાત કરશે કે અવિશ્વાસ પ્રસ્તાવ પર ક્યારે ચર્ચા થશે

નવી દિલ્હી, તા.૨૬

કોંગ્રેસે તેલંગાણાની ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) સાથે મળીને લોકસભામાં પીએમનરેન્દ્ર મોદીની સરકાર વિરુદ્ધ બે અલગ-અલગ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી છે. લોકસભા સ્પીકર ઓમ બિરલાએ અવિશ્વાસ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. તેમણે કહ્યું છે કે તેઓ તમામ પક્ષો સાથે વાત કરશે, પછી જાહેરાત કરશે કે અવિશ્વાસ પ્રસ્તાવ પર ક્યારે ચર્ચા થશે.

મણિપુરમાં ૩ મેથી અત્યાર સુધી જાતિય હિંસામાં ૧૬૦થી વધુ લોકોના મોત થયા છે. બે મહિલાઓનો નગ્ન પરેડનો વીડિયો સામે આવ્યો છે. ત્યારથી વિપક્ષ આ મુદ્દા પર હુમલો કરી રહ્યો છે. વિપક્ષની માંગ છે કે

● અનુસંધાન પાન-૭ પર



# નરેન્દ્ર મોદીએ કારગિલ વિજય દિવસે સેનાના જવાનોને કર્યા યાદ

## દેશવાસીઓના સન્માન માટે વિજય દિવસ : શાહ : એક સંબોધનમાં રક્ષા મંત્રીએ કહ્યું કે, ૧૯૯૯માં દેશના સૈનિકોએ ભારતની રક્ષા માટે જે બહાદુરી દર્શાવી હતી તે સુવર્ણ અક્ષરોમાં લખવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૬

આજે ૨૬મી જુલાઈએ સમગ્ર દેશ કારગિલ વિજય દિવસની ઉજવણી કરી રહ્યો છે. ૨૪ વર્ષ પહેલા ૧૯૯૯માં આજના દિવસે કારગીલે શિખરો પર ઘૂસી ગયેલા દુશ્મનને ભગાડીને વિજય જાહેર કર્યો હતો. આ અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય સેનાના નાયકોને યાદ કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને લખ્યું કે, કારગિલ વિજય દિવસ ભારતના તે અદભૂત બહાદુરોની શૌર્ય ગાથાને સામે લાવે છે, જે હંમેશા દેશવાસીઓ માટે પ્રેરણા બની રહેશે. આ ખાસ દિવસે, હું મારા હૃદયના ઊંડાણથી તેમને



નમન કરું છું અને વંદન કરું છું. ભારત લાઈવ! કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ કારગિલ વિજય દિવસ નિમિત્તે લદ્દાખના દ્રાસમાં કારગિલ યુદ્ધ સ્મારક પહોંચ્યા હતા. તેમણે કારગિલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. એક સંબોધનમાં રક્ષા મંત્રીએ કહ્યું કે, ૧૯૯૯માં દેશના સૈનિકોએ ભારતની રક્ષા માટે જે બહાદુરી દર્શાવી હતી તે સુવર્ણ અક્ષરોમાં લખવામાં આવશે. તેમણે કહ્યું, આજે આપણે ખુલ્લી હવામાં શ્વાસ લઈ શકીએ છીએ કારણ કે આપણા સૈનિકોએ ૦ ડિગ્રીથી ઓછા તાપમાનમાં ઓક્સિજનની અછત હોવા છતાં તેમની બંદૂકો ક્યારેય નીચે કરી નથી. આજે કારગીલમાં ભારતનો ધ્વજ ફરકાવવામાં આવી રહ્યો છે કારણ કે ૧૯૯૯માં ભારતના સૈનિકોએ પોતાની બહાદુરીનો પરિચય આપતાં દુશ્મનોની છાતી

# અમેરિકામાં મણીપુર હિંસાના પડઘા પડ્યા

## ન્યૂજર્સીમાં આઈએએમસીએ એક દેખાવો અને કેન્ડલ માર્ચનું આયોજન કરી મણિપુર મુદ્દે અવાજ ઊઠાવ્યો

કેલિફોર્નિયા, તા.૨૬

ભારતીય અમેરિકીઓ અને તેમના સહયોગીઓએ મણિપુરમાં ચાલી રહેલી જાતિય હિંસાને વખોડતાં વીકેન્ડ પર અમેરિકી પ્રાંત કેલિફોર્નિયા, ન્યૂજર્સી અને મેસાચ્યુસેટ્સમાં દેખાવો કર્યા હતા. ઉલ્લેખનીય છે કે મણિપુરમાં અત્યાર સુધીમાં સેંકડો લોકો માર્યા ગયા છે અને હજારોની સંખ્યામાં લોકો વિસ્થાપિત થયા છે. તાજેતરમાં મહિલાઓની નગ્ન પરેડના વીડિયો અને સામૂહિક દુષ્કર્મની ઘટનાએ ભારત સહિત વિશ્વભરમાં રોષ પેદા કર્યો હતો. તેના વિરોધમાં જ આ દેખાવો કરવામાં આવ્યા હતા.

કેલિફોર્નિયામાં ભારતીય અમેરિકી તથા સહયોગી નોર્થ

● અનુસંધાન પાન-૭ પર

# બરૌની-નવી દિલ્હી સ્પેશિયલ ટ્રેન ત્રણ કિમી ખોટી દિશામાં દોડી

## મુઝફ્ફરપુરથી નર્કટિયાગંજ ડાઈવર્ટ કરેલી ટ્રેનને હાજીપુર રેલલાઈનમાં સિગ્નલ અપાયું, મોટી ઘટના ટળી

પટણા, તા.૨૬

રેલવેમાં રોજ બનતા અવનવા અકસ્માત પૈકી તાજેતરમાં બિહારના બરૌનીથી નવી દિલ્હી રવાના થયેલી સ્પેશિયલ ટ્રેન ત્રણેક કિલોમીટર સુધી ખોટી દિશામાં જવાને કારણે રેલવે(ઈસીઆર) તંત્રમાં દોડાદોડી થઈ ગઈ હતી.

લોકો પાઈલટને ભૂલ સમજાતાં મોટી હોનારત ટળી ગઈ નહિ તો ઓડિશા જેવા અકસ્માતનું પુનરાવર્તન થયું હોત, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આ અંગે અધિકારીએ જણાવ્યું હતું કે સોમવારે મુઝફ્ફરપુર સ્ટેશનથી નર્કટિયાગંજ ડાઈવર્ટ કરેલી ટ્રેનને હાજીપુર રેલ લાઈનમાં સિગ્નલ આપ્યું હતું. જોકે આ બાબતની જાણ લૉકો પાઈલટ અને ગાર્ડને થયા પછી ઈમરજન્સી બ્રેક મારીને ટ્રેનને મુઝફ્ફરપુર પાછી લાવ્યા હતા. સોમવારે આ બનાવ પૂર્વ મધ્ય રેલવે(ઈસીઆર) ઝોનમાં બન્યો હતો.

બરૌની જંક્શન (ટ્રેન નંબર-૦૨૫૬૩) વિશેષ ટ્રેન (લગભગ ૧૧૮૨ કિલોમીટરનું અંતર કાપવા માટે)થી નવી દિલ્હી જઈ રહી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# વિશ્વની ૫૦ ટકા વસતી પર ડેન્ગ્યુનું જોખમ તોળાય છે

## ડબલ્યુએચઓએ ડેન્ગ્યુના જોખમ પર ચેતવણી જાહેર : વિશ્વમાં લગભગ ૪ અબજ લોકો એવી જગ્યાઓ પર રહે છે જ્યાં ડેન્ગ્યૂની બીમારી સરળતાથી ફેલાઈ શકે છે

વૉશિંગ્ટન, તા.૨૬

દુનિયાની ૫૦% વસતી પર ડેન્ગ્યૂનું જોખમ તોળાઈ રહ્યું છે એટલે કે લગભગ ૪ અબજ લોકો એવી જગ્યાઓ પર રહે છે જ્યાં ડેન્ગ્યૂની બીમારી સરળતાથી ફેલાઈ શકે છે. દર વર્ષે ૪૦ કરોડ લોકો તેનાથી સંક્રમિત થાય છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ)એ ગત અઠવાડિયે જ આ મામલે ચેતવણી જાહેર કરી હતી.

ડબલ્યુએચઓના જણાવ્યાનુસાર દુનિયાભરમાં ડેન્ગ્યૂથી આશરે ૧૨૯ દેશો પ્રભાવિત થશે. ડબલ્યુએચઓના વૈશ્વિક કાર્યક્રમના પ્રમુખ ડૉ. રમન વેલાયુધને કહ્યું કે ડેન્ગ્યૂના કેસ સતત વધી રહ્યા છે. ૨૦૦૦ની સાલમાં દુનિયાભરમાં ૫ લાખ કેસ સામે આવ્યા હતા. જોકે ૨૦૨૨માં તે વધીને ૪૨ લાખને વટાવી ગયા છે એટલે કે ડેન્ગ્યૂના કેસમાં ૮ ગણો વધારો નોંધાયો છે.

ડેન્ગ્યૂ સૌથી સામાન્ય વાયરલ સંક્રમણ છે જે મચ્છર દ્વારા લોકો સુધી ઝડપથી ફેલાય છે. ડેન્ગ્યૂથી પીડિત લોકો એકથી બે સપ્તાહમાં ઠીક થઈ જાય છે પણ અમુક લોકોને ગંભીર ડેન્ગ્યૂ થાય છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડે છે.

# ઊભેલી કારને કન્ટેનરે ટક્કર મારતા ૪નાં મોત

બહાદુરગઢ, તા.૨૬

હરિયાણાના બહાદુરગઢમાં મોડી રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૪ લોકોના મોત થઈ ગયા હતા અને બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ અકસ્માત બહાદુરગઢમાં કુંડલી માનેસર પલવલ એક્સપ્રેસવે પર માંડોલી ટોલ પ્લાઝા નજીક સર્જાયો હતો. આ અકસ્માતમાં ૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. જેમાં એક પુરુષ, એક મહિલા અને બે છોકરીઓ સામેલ છે. આ તમામના ઘટના સ્થળે જ મોત થઈ ગયા હતા. મહિલાનું નામ અંજલી જણાવવામાં આવી રહ્યું છે.

બુધવાર અને મંગળવારે બપોરે ૩:૨૦ કલાકે મંડોથી ગામના ફ્લાયઓવર પાસે આ અકસ્માત થયો હતો. હજુ સુધી કોઈની ઓળખ થઈ નથી.





